# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WEATHER OVERALL

રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં 966 મિલીમીટર સાથે મોસમનો સરેરાશ કુલ 109 ટકા વરસાદ ખાબક્યો છે. આમાંથી સૌથી વધારે 154 ટકા વરસાદ કચ્છ ઝોનમાં તો સૌરાષ્ટ્રમાં 123 ટકા વરસાદ નોંધાયાના અહેવાલ છે. માત્ર ઉત્તર ગુજરાતમાં હજી સુધી 100 ટકા વરસાદ નથી વરસ્યો. સત્તાવાર આંકડા અનુસાર, છેલ્લા 24 કલાકમાં 238 તાલુકામાં વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે આજે કચ્છ અને સૌરાષ્ટ્રના મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, દેવભૂમિદ્વારકા, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીરસોમનાથ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે આવતીકાલે જ કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં કુલ સંગ્રહક્ષમતાના 85 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જ્યારે રાજ્યના 105 ડેમ 100 ટકા ભરાઈ ગયા છે. તો 44 ડેમ 70થી 100 ટકા, 21 ડેમ 50થી 70 ટકા વચ્ચે ભરાયા છે. ઉપરાંત રાજ્યના 124 ડેમ હાઈ અલર્ટ, 17 ડેમ અલર્ટ અને આઠ ડેમ ચેતવણી પર રાખવામાં આવ્યા છે.

રાજ્યમાં ગઈકાલે જામનગર જિલ્લાના ધ્રોલ, અમદાવાદના મણિનગર અને ધોળકા, પંચમહાલના હાલોલ, ડાંગના આહવા, સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા, દાહોદના લિમખેડા અને દાહોદમાં પાણીના વહેણમાં ડૂબી જવાથી એક-એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. જ્યારે અરવલ્લીના માલપુર તાલુકામાં આવેલા વાવડી ગામમાં ઘરની દિવાલ ધરાશાયી થતાં એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. ઉપરાંત એક હજાર 785 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે.

રાજ્યમાં વરસાદની સ્થિતિને જોતા હવામાન વિભાગે પહેલી સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

# PM TALKS TO CM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે ફરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી રાજ્યમાં વરસાદની સ્થિતિની માહિતી મેળવી હતી, એમ મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયાના એક સંદેશમાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું, પ્રધાનમંત્રીએ કેન્દ્ર સરકાર તરફથી તમામ સહયોગની ખાતરી આપી છે.

# GUJARAT RAIN

દક્ષિણ ગુજરાત, પૂર્વ-મધ્ય અને ઉત્તર ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસની સરખામણીએ આજે વરસાદનું જોર ઘટ્યું છે. જ્યારે હવામાન વિભાગે કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનમાં હજી પણ આગામી 2 દિવસ ભારે વરસાદની આગાહી કરી છે.

સત્તાવાર આંકડા મુજબ, છેલ્લા 24 કલાક દરમિયાન દેવભૂમિદ્વારકાના ભાણવડ અને કચ્છના અબડાસા તાલુકામાં સૌથી વધુ 11 ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે દેવભૂમિદ્વારકામાં માત્ર 24 કલાકમાં 10 ઈંચ, જામનગર, કચ્છ અને પોરબંદર જિલ્લામાં પાંચ-પાંચ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, છેલ્લા 24 કલાકમાં રાજ્યના સાત તાલુકામાં ત્રણ ઈંચથી વધુ, 10 તાલુકામાં 2 ઈંચથી વધુ અને કુલ 238 તાલુકામાં સરેરાશ એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

# RAIN OVERALL

કચ્છ જિલ્લામાં ધોધમાર વરસાદને કારણે ભુજનું ઐતિહાસિક હમીરસર તળાવ સહિત અનેક તળાવ અને જળાશય છલકાયા છે..જ્યારે અનેક માર્ગ પર પરિવહન બંધ થયું છે. તો ધુણઈ ગામની સ્થાનિક નદીમાં ઘોડાપુર આવ્યું છે. અબડાસાનુ સુથરી ગામ બેટમાં ફેરવાયું છે. ભારે વરસાદના પગલે મોટા કાંડાગરાની લેબર કોલોનીમાં ફસાયેલા શ્રમિકોને વહીવટી તંત્રએ સલામત સ્થળે ખસેડ્યા..

તો અમરેલી જિલ્લામાં નદી-નાળાઓમાં પાણીના પ્રવાહ નજીક ન જવા અને સલામત રહેવા, નદીના પટ કે કાંઠા વિસ્તારમાં, ડેમ સાઈટ નજીક અવરજવર ન કરવા જિલ્લા વહીવટી તંત્રએ અનુરોધ કર્યો છે..

સુરેન્દ્રનગર જિલ્લામાં આજે ચોટી, ચુડા અને લીંબડી તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

અમદાવાદમાં પણ આજે બપોરે છૂટાછવાયા સ્થળોએ વરસાદ વરસ્યો હતો. શહેરમાં હજી પણ વાદળછાયું વાતાવરણ યથાવત્ છે.

તો તાપીના ઉકાઈ ડેમના પાણીની આવક સતત ઘટાડો નોંધાઇ રહ્યો છે.. હાલ ડેમના 9 દરવાજાઓ 6 ફૂટ ખોલીને 1 લાખ 08 હજાર 666 ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે.

# RAIN- RESCUE+ KAMGIRI

રાજ્યમાં વરસાદને કારણે સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા તમામ જીલ્લાના વહીવટી તંત્રએ કામગીરી શરૂ કરી છે. જામનગર જિલ્લામાં દરેડ, ચેલા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા 1 હજાર 500થી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે, જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં કુલ 33 લોકોને બચાવાયા છે. રાજ્યના કેબિનેટ મંત્રી રાઘવજી પટેલે દરેડમાં જઇને સમગ્ર વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

દ્વારકા જિલ્લાના ધ્રૂમથળ ગામમાં પાણીના પ્રવાહને લીધે છત પર ફસાયેલા શ્રમિક પરિવારના 4 સભ્યોને હેલિકોપ્ટર દ્વારા બચાવાયા.. તો હડમતીયા ગામના ભંગ ડેમના પારામાં ગાબડું પડતાં તંત્રએ ભોગાત ગામને સાવચેત રહેવા અપીલ કરી છે.

મોરબી જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જિલ્લાની સ્થિતિ અંગે બેઠક યોજી વીજ પુરવઠો યથાવત કરવા તથા સાફ-સફાઈ બાબતે અધિકારીઓને તાકીદ કરી. તો સૌરાષ્ટ્ર- કચ્છને જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફરી ખુલ્લો કરાયો છે.